ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૭ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૯ ટકા

# ચોથું નોરતું : દેવી કુષ્માંડાની પૂજા અર્ચના કરાશે



## કુષ્માંડાનો અર્થ જેના ઉદરમાંથી આખુ બહ્માંડ ઉત્પન્ન થયું માતાજીના હાસ્યમાંથી બધી વસ્તુ ઉત્પન્ન થઈ બ્રહ્માંડની પૂર્વ આદિશક્તિ છે

રૂપ-સરળ, સૌમ્ય અને મોહક : ભુજા-આઠ : વાહન-સિંહ. તારીખ ૨૯ એ ચોથું નોરતું છે ત્યારે આ દિવસે માં કુષ્માંડા માતાજીની પૂજા કરવામાં આવે છે. આદિશક્તિ માં દુર્ગાનું ચોથું સ્વરૂપ એટલે કુષ્માંડા માતા. કુષ્માંડાનો અર્થ જેના ઉદરમાંથી આખુ બહ્માંડ ઉત્પન્ન થયું માતાજીના હાસ્યમાંથી બધી વસ્તુ ઉત્પન્ન થઈ બ્રહ્માંડની પૂર્વ આદિશક્તિ છે. કુષ્માંડ દેવી સૂર્યમંડળના અંદરના ભાગે રહેનારી દેવી, કુષ્માંડા બ્રહ્માંડનું સંચાલન કરનારી દેવી, કુષ્માંડા આખા બ્રહ્માંડને ઉર્જા આપનારી દેવી છે.કહેવાય છે કે, જ્યારે સૃષ્ટિનું અસ્તિત્વ ન્હોતુ, ત્યારે આ જ દેવીએ બ્રાહ્માંડની રચના કરી હતી. પરિણામે તેઓ જ સૃષ્ટિની આદિ-સ્વરૂપા, આદિશક્તિ છે. માતા કૂષ્માન્ડાની ઉપાસનાથી ભક્તોન તમામ રોગ-શોક મટી જાય છે. તેમની ભક્તિથી આયુ, યશ, બળ અને આરોગ્યમાં વૃદ્ધિ થાય છે.

### કેવું છે કુષ્માંડા માતાનું સ્વરૂપઃ

આ દેવીને આઠ ભૂજાઓ છે આથી એને અષ્ટભૂજા પણ કહેવામાં આવે છે – એમના સાત હાથોમાં ક્રમશઃ કમંડળ , ધનુષ્ય , બાણ , કમળ પુષ્પ , અમૃતપૂર્ણ કુંભ , ચક્ર અને ગદા છે જ્યારે આઠમા હાથમાં સમગ્ર સિધ્ધીઓ અને નિધિને દેનારી જપમાળા છે – આ દેવીનું વાહન વાઘ છે અને દેવીનું સ્થાન સૂર્યમંડળની ભીતર છે , સૂર્યમંડળની ભીતર રહેવાની શક્તિ એકમાત્ર આ દેવીમાં જ છેઆ દેવીનું શરીરની તેજસ્વીતા અને આભા સૂર્યની માફક દૈદીપ્યમાન છે , આ દેવીના કારણે દસે દિશાઓ પ્રકાશિત છે .

### માતાના પૂજન કરવાથી થતો લાભઃ

બ્રહ્માંડમાં આ દેવીના કારણે પ્રકાશ ફલાયેલો છે માતાજીનું પૂજન કરવાથી મેઘા જાગૃત થાય છે બ્રહ્માંડના રહસ્યોની જાણકારી પ્રાપ્ત થાય છે માતાજીનું પૂજન કરવાથી વિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માતા કૂષ્માન્ડાની ઉપાસનાથી ભક્તોન તમામ રોગ-શોક મટી જાય છે. તેમની ભક્તિથી આયુ, યશ, બળ અને આરોગ્યમાં વૃદ્ધિ થાય છે.

### કૂષ્માન્ડાનું સ્વરૂપઃ

નવરાત્રીના ચોથા દિવસે દેવી કૂષ્માન્ડાના રૂપની પૂજા કરવામાં આવે છે. માતાનું આ સ્વરૂપ અત્યંત શાંત, સૌમ્ય અને મોહક છે. તેમને આઠ ભુજાઓ છે, પરિણામે તેમને અષ્ટભુજા કહે છે. તેમના સાત હાથોમાં ક્રમશઃ કમંડળ, ધનુષ, બાણ, કમળ-પુષ્પ, અમૃત કળશ, ચક્ર તથા ગદા છે. આઠમાં હાથમાં તમામ સિદ્ધિ ઓ અને નિધિઓને દેનારી જપ માળા છે. આ દેવીનું વાહન સિંહ છે. કુ એટલે પૃથ્વી કુ એટલે બ્રહ્માંડ, બ્રહ્માંડના સર્વલોકમાં વ્યાપ્ત આ દિવ્યશક્તિ છે આત્મસ્ફુરણા પ્રાપ્ત થાય છે

### સૂર્યમંડળમાં રહેવાની શક્તિઃ

આ દેવીનો વાસ સૂર્યમંડળના અંદરના લોકમાં છે. સૂર્યલોકમાં રહેવાની શક્તિ ક્ષમતા માત્ર તેમનામાં જ છે. પરિણામે તેમના શરીરની કાંતિ અને પ્રભા સૂર્યની જેમ દૈદિપ્યમાન છે. તેમના જ તેજથી દશે દિશાઓ આલોકિત છે. બ્રહ્માંડની દરેક વસ્તુઓ અને પ્રાણીઓમાં તેમનું જ તેજ વ્યાપેલું છે.

# પેથાપુરની પ્રાચીન કલાત્મક માંડવડી એટલે પરંપરા અને કાષ્ટકલાનો સંગમ




ગાંધીનગર તા.૨૮

સમગ્ર રાજ્યમાં નવરાત્રી પર્વની ઉજવણી હર્ષોલ્લાસપૂર્વક થઈ રહી છે જેમાં આ વખતે ગામેગામ શેરી-ગરબાઓનું આયોજન થયું છે. વર્ષોથી ગાંધીનગરનું પેથાપુર લાકડાના બારીક નકશીકામ માટે ખુબ જાણીતું છે જેની સાબિતી સ્વરૂપે આજે પણ પેથાપુર શહેર ખાતે રાજા રજવાડાં વખતની પરંપરાગત પ્રાચીન કલાત્મક માંડવડી નાગરિકોમાં આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

પેથાપુર ખાતે પ્રાચીન પરંપરા અનુસાર નવરાત્રી મહોત્સવ નિમિત્તે માતાજીનો ઘટ સ્થાપન કરી સાગના લાકડામાંથી બનાવેલી આશરે ૨૦ ફુટ ઉંચી માંડવડીનું સ્થાપન કરવામાં આવે છે. આ માંડવડી ૧૨૫ વર્ષથી જુની છે એવું પેથાપુરના રહીશો જણાવે છે. આજે પણ પરંપરાગત પ્રાચીન માંડવડી સાથેની નવરાત્રી પેથાપુરમાં ટાવર પાસે જાણીતા માંડવી ચોક ખાતે યોજાય થાય છે. આ કલાત્મક સુંદર નકશીકામ કરેલ માંડવડી ગામના સુથાર સમાજના કારીગરોએ અંબાજી માતાજીના મંદિરને ભેટ સ્વરૂપે આપી હતી. પેથાપુરના યુવા ઐતિહાસિક વારસા પ્રેમી વિષ્ણુસિંહ ચાવડા જણાવે છે કે આ માંડવડીની ખાસિયત એ છે કે એ ચારેબાજુથી સરખી દેખાય છે તેમજ તેની ઉપર ચારેબાજુએ બનાવેલી લાકડાની રંગબેરંગી પૂતળીઓ જોવાલાયક છે. પહેલાંના સમયમાં ગામે ગામથી લોકો આ માંડવડીના દર્શને આવતા હતા અને હાલમાં પણ આ કલાત્મક માંડવડી નવી પેઢીમાં કુતુહલ જગાવી આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

# જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગરબા સ્પર્ધાની ભવ્યાતિભવ્ય ઉજવણી





ગાંધીનગર, તા. ૨૭

જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સતત ૫૩મા વર્ષે બહેનો માટે વયજૂથ મુજબના ફરતા ગરબા, બેડા ગરબા, વિવિધ ભાતીગળ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરની ૧૮૦૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. ૫ વર્ષની બાળાથી લઈને ૯૦ વર્ષની ઉમંરના બહેનોએ ખૂબ જ ઉમંગ, ઉત્સાહથી તાલી, ચપટી, ઠેસથી પરંપરાગત ગરબા રજૂ કર્યા હતા. બહેનોએ માથે દિવડા સાથે પરંપરાગત ગરબા, માંડવડી લઈને ગરબા રજૂ કર્યા ત્યારે ભવ્ય અને દિવ્ય વાતાવરણ સર્જાતા સૌ કોઈ મંત્રમુગ્ધ બન્યા હતા. પ્રેક્ષકોની ભારે દાદ મેળવી હતી. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટનમાં બ્રહ્માકુમારી કેન્દ્રના સંચાલિકા પૂ. કૈલાસદીદી, ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, શિક્ષણ સચિવ ભાવેશભાઈ એરડા, સ્થાપક પ્રમુખ લતાબેન ચોકસી, નાયબ પરીક્ષા નિયામક ફાલ્ગુનીબેન જાની, જાણીતા કેળવણીકાર પલ્લવીબેન અંતાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઈનામ વિતરણ કાર્યક્રમમાં મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી નિશિત વ્યાસ, રક્ષિતાબેન ઉપાધ્યાય, મેઘલબેન એરડા, વર્ષાબેન ઠક્કર, કોર્પોરેટર હેમાબેન ભટ્ટ, કૈલાસબેન સુતરિયા, શૈલાબેન, સોનાલીબેન વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

૧૧ થી ૧૫ વર્ષના વયજૂથમાં પ્રથમ ક્રમે પટેલ ક્રિશા, ૧૬ થી ૨૫ વર્ષ વયજૂથ પ્રથમ પ્રજાપતિ માનસી, ૨૬ થી ૩૫ વર્ષ વયજૂથ ભાવના મેઘાણી, ૩૬ થી ૪૫ વર્ષ અસ્મિતા પટેલ, ૪૬ થી ૫૫ વર્ષ આશાબેન પટેલ, બેડા ગરબામાં પ્રથમ મંજુલાબેન પટેલ વિજેતા રહ્યા હતા. નિર્ણાયક ગણ તરીકે આશાબેન અડાલજા, આશાબા સરવૈયા, મુક્તિબેન વૈષ્ણવ, વીણાબેન વોરા, પ્રજ્ઞાબેન ગજ્જરે અમુલ્ય સેવાઓ પ્રદાન કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન નગરની વિવિધ મહિલા સંસ્થાના પ્રમુખોએ તેમજ હોદ્દેદારોની ઉપસ્થિતિ પ્રેરક રહી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ ડૉ. ચેતના અરૂણ બુચ દ્વારા સ્વાગત પ્રવચન દ્વારા સર્વેને ઉષ્માભર્યો આવકાર આપવામાં આવ્યો હતો. સેક્રેટરી હર્ષાબા ધાધલે કાર્યક્રમની આભારવિધિ કરી હતી. સંસ્થાના સર્વ નીરૂબેન નાયક, મીનાબેન શાહ, કોકિલાબેન નાયક, કિન્નરી દવે, તારાબેન પટેલ, પ્રવીણાબેન દરજી-ગામીત, રમીલાબેન મિસ્ત્રી, સાબેરાબેન દેસાઈ વગેરેનો સુંદર સહયોગ રહ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. વર્ષા પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગવર્ન્મેન્ટ પોલિટેક્નિક કોલેજમાં "વ્યક્તિગત સુરક્ષા અને સલામતી જાગૃતિ" વિષય પર સેમિનાર



ગાંધીનગર, તા.૨૮

તાજેતરમાં ગાંધીનગર ખાતે ગવર્ન્મેન્ટ પોલિટેક્નિક કોલેજમાં ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા માર્શલઆર્ટ્સનું પર્ફોમન્સ યોજાયું હતું અને સાથે વ્યક્તિગત સુરક્ષા અને સલામતી જાગૃતિનાં વિષય પર સેમિનાર યોજાવામાં આવ્યો હતો. આ વ્યક્તિગત સુરક્ષા અને સલામતી જાગૃતિનાં સેમિનારમાં અલગ-અલગ ટેકનીક્સ જેમકે, પોતાનું રક્ષણ કેવી રીતે કરવું, કંઈ વસ્તુઓનો ઉપયોગ કરવો અને અસામાજિક તત્ત્વોમાં ફસાયા હોય તો કેવી રીતે છૂટવું એ વિશે કોલેજનાં વિદ્યાર્થીઓને ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન સંસ્થાનાં ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને સેક્રેટરી મિલાપ ટાટારિઆ દ્વારા માહિતી આપી વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટેનું ઝુંબેશ હાથ ધર્યું હતું અને પ્રેક્ટિકલી બતાવી તાલીમ આપવામાં આવી હતી

# અમદાવાદ-ગાંધીનગર મેટ્રોને આવકારતુ વસાહત મહામંડળ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ અમદાવાદમાં આરંભાયેલ મેટ્રો ટ્રેઈનને આવકારતા ગાંધીનગરના મુસાફરોને પણ તેનો લાભ મળશે જ તેવી અપેક્ષા સાથે આવકારે છે અને વડાપ્રધાનશ્રી, સરકારશ્રીને આ પ્રોજેક્ટ તુરંત જ ગાંધીનગર સુધી પહોંચાડવા અનુરોધ કરે છે.

મેટ્રો પ્રોજેક્ટ ખરેખર તો ૧૯૮૩માં વિચારણા આરંભાયેલ અને ગાંધીનગર-અમદાવાદ વચ્ચેનો વાહનવ્યવહાર સરળ બને તે માટે ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિએ જાહેર સુનાવણી કરી લોકોના સૂચનો ગાંધીનગર-અમદાવાદમાં માગેલા અને તેની સમિતિએ છઠ્ઠી ગુજરાત વિધાનસભામાં ૧૮ માર્ચ ૧૯૮૭માં રજુ કરેલ તેની દાદ આપતા લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવે છે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તો પહેલાથી જ વાહનવ્યવહારના પ્રશ્નો હાથ પર લઈ રજૂઆત કરતુ આવેલ અને આ સમિતિ સમક્ષ પણ મૌખીક, લેખીત રજુઆત કરેલ તેનો અનુસંધાને અરૂણ બુચ, મયુર વ્યાસ, કાલુભાઈ દેસાઈ, પ્રદિપ સોલંકી, કીશોર જીકાદરા, સુધીર દેસાઈ અને ભાનુભાઈ દવે ઝડપથી મેટ્રો ટ્રેઈન ગાંધીનગર સુધી પહોંચે તે માટે અપેક્ષા સેવી વડાપ્રધાનના હસ્તે જેનું લોકાર્ણ થવાનુ છે તે પ્રોજેક્ટ તાત્કાલિક યુદ્ધના ધોરણે પુરો કરવા તંત્રને વિનંતી કરે છે. તથા મેટ્રો ટ્રેઈનના છેલ્લા સ્ટેશનથી ગાંધીનગર સુધીની વાહન વ્યવહારની સક્ષમ સેવાની વ્યવસ્થા કરવા પણ વિનંતી કરે છે અને પ્રોજેક્ટની આવકારી નગરના તમામ સેક્ટરોને લાભ મળે તેવુ આયોજન કરવા વિનંતી કરે છે.

# મહુન્દ્રા પ્રા. શાળામાં યુવા ફાઉન્ડેશન દ્વારા ચણિયાચોળીનું વિતરણ



ચિલોડા, તા. ૨૮

ગુજરાતમાં નવરાત્રી મહોત્સવનું વિશેષ મહિમા સાથે જગતજનની જગદંબાની આરાધના પર્વની ઉત્સાહ ઉમંગભેર નવરાત્રી નોરતામાં માઈભકર્તો અને ખેલૈયાઓ ઉત્સાહભેર પર્વ શક્તિ અને ભક્તિ સાથે ઉજવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે આવેલી પ્રાથમિક શાળાની ૯૮ બાળાઓ નવરાત્રી ચોકમાં અવનવા રંગબેરંગી ચણિયાચોળી ડ્રેસ યુવા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા અનોખી ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ગામના મુખ્ય સરપંચ નરેન્દ્રસિંહ સોલંકી, શાળાના એસ.એમ.સી.ના સભ્યો અને શાળાના આચાર્યની ઉપસ્થિતિમાં ટ્રેડિશનલ ડ્રેસનું વિતરણ કરવામાં હાજર રહી પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું.

# આજે ચાંદખેડામાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૮

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા ૨૯ તારીખે વર્ષાબેન બી. સોલંકીના નિવાસસ્થાને આનંદના ગરબાનું આયોજન કર્યુ છે. જે શક્તિકૃપા વિભાગ-૧, ચાંદખેડા, સ્નેહ પ્લાઝાની પાછળ બપોરે ૧.૩૦ થી ૫.૦૦ કલાકે યોજાશે. સૌ ભાવિ ભક્તોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું હતુ.

# આરાધના વિદ્યાવિહાર ખાતે પોક્સો એકટ જાગૃતિ અભિયાન



આરાધના વિદ્યાવિહાર ખાતે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સહયોગથી પોકસો એકટ જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પેરા લીગલ વોલીયેન્ટર ગોવિંદભાઈ નસીત તથા જયરામભાઈ સોની દ્વારા ધો.૯થી ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને પોક્સો એકટ અંગે સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે એડવોકેટ વી.એસ.વાઘેલા તથા શાળાના આચાર્ય વી.એસ. પટેલે સુરક્ષા, સલામતી અને કાયદા અંગે જાણકારી પુરી પાડી હતી. કાર્યક્રમને અંતે વિદ્યાર્થીનીઓ સાથે પ્રશ્નોત્તરી દ્વારા વિશેષ માહિતી આપવામાં આવી હતી.

# પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં મતદાન જાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા. ૨૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કલેજમાં ઈલેક્શન સેલ દ્વારા ‘મતદાન જાગૃતિ અભિયાન’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં Electoral Literacy clubની રચના કરવામાં આવી EIC દ્વારા વિદ્યાર્થીઓની નોંધણી, મતદાન કરવા તેમજ મતદાનમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમજ મતદાન કાર્ડ નોંધણી માટે ઓનલાઈન ‘વોટર હેલ્પલાઈન’ એપ વિશે માહિતી આપી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સરકારશ્રીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર શ્રીમતી સિંધવ દિપીકાબેન એમ. એ ખૂબજ મહત્વપૂર્ણ માહિતી આપી અને કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી અને કોલેજના ઈલેક્શનના ડેઝીગ્નેટેડ ઓફિસર ડૉ. વાઘેલા હેમાંગીની એસ. દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો.

# ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ.શાહ અનિલકુમાર પ્રવિણભાઈ ઉ.વ.૩૫, કલોલ
- સ્વ.સોલંકી રૂખાભાઈ નાથાભાઈ ઉ.વ.૮૮, સેકટર-૧૪

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ.પામેલા વર્લ્ડ જોર ઉ.વ.૭૯, ભાટ
- સ્વ.મકવાણા દક્ષાબેન જયેશભાઈ ઉ.વ.૪૫, સેકટર-૨૩
- સ્વ.વૈદ્ય શિવપ્રસાદ છોટાલાલ ઉ.વ.૭૧, સરગાસણ

# જન્મદિને વધામણી



નયનાબેન પંકજભાઈ દેસાઈ
નિવૃત્ત શિક્ષક, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગર
મો. ૯૮૯૮૭ ૧૫૭૮૨



ડી પી મોદી
મો. ૯૯૦૯૯૩૧૮૨૪



મેહુલ વ્યાસ
પત્રકાર
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૯૯૮૪ ૫૨૯૯૯



કિરણ એ ગોર
મો. ૯૪૨૬૭ ૪૯૯૭૪



નેન્સીબેન દિપકભાઈ વાઘેલા



નિરાલી મુકેશકુમાર દવે



ભક્તિ ચિરાગ મિસ્ત્રી




યુગ મિતેશકુમાર શર્મા
મો. ૯૭૨૩૬૧૪૨૮૨



રસિકભાઈ જમોડ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



જય વિષ્ણુદાસ સાધુ
મો. ૮૩૨૦૭૩૬૦૯૫



જીનય અલ્પેશ પટેલ
મો. ૯૪૨૭૩ ૦૫૫૫૮



સોહન મનોજજી મકવાણા

# ગાંધીનગર સાહિત્યસભા દ્વારા મહર્ષિ શ્રી અરવિંદનો જયઘોષ વિશે વક્તવ્ય



ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા મહર્ષિ શ્રી અરવિંદ વિશે એક અનોખો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. અરવિંદ કેન્દ્ર ગાંધીનગર અને ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ’મહર્ષિ શ્રી અરવિંદનો જયઘોષ’ શિર્ષક હેઠળ મહર્ષિ શ્રી અરવિંદના વિવિધ પાસા પર વક્તવ્ય આપવા આવશે.

રવિવાર ૨ ઓક્ટોબર સવારે સાડા નવ વાગ્યે અરવિંદ કેન્દ્ર, સેક્ટર-૨૩ ખાતે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. કાર્યક્રમના મુખ્ય વક્તા જ્યોતિબહેન થાનકી છે કે જેઓ મહર્ષિ અરવિંદ કેન્દ્ર અને એમની પ્રવૃત્તિઓ માટે સમર્પિત છે. તેઓ મહર્ષિ શ્રી અરવિંદનો જયઘોષ અંતર્ગત વિવિધ વાતો જણાવશે. કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. ચંદ્રકાન્ત તન્ના છે જેઓ જ્યોતિબહેન થાનકીનો પરિચય આપશે. અતિથિ વિશેષ તરીકે હાજર રહેનાર કુંતલભાઈ નિમાવત મહર્ષિ અરવિંદના નાટકનું પઠન કરશે.